# રવિવારે મતદાર યાદી સુધારણા માટે ખાસ અભિયાન

## જિલ્લાની મુલાકાતે આવેલા પંચના નિરીક્ષકશ્રી જહાએ કામગીરી અંગે સંતોષ વ્યકત કર્યો; માણસા મત વિસ્તારની મુલાકાત પણ લીધી

ગાંધીનગર, તા.૮

વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓને ધ્યાને રાખી હાલ ચાલી રહેલ મતદાર યાદી સુધારણા અંગે આગામી રવિવારને ૧૦મી જૂને ખાસ અભિયાન હાથ ધરવામાં આવશે.

જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પી. સ્વરૂપે આજે જણાવ્યું હતું કે મતદારયાદી સુધારણા ઝુંબેશની ખાસ ઝુંબેશના દિવસે જિલ્લામાં બે હજાર જેટલા કર્મચારીઓ મતદાન મથકો પર જઈ તેમની ફરજો બજાશે. આ દિવસે મતદાન મથક પર જ પંચના ફોર્મ નં.૬, ૭, ૮ અને ૮ક બી.એસ.ઓ. દ્વારા સ્વીકારવામાં આવશે.



(તસવીર : દિપક જાની)

તેમણે જણાવ્યું હતું કે મતદાર યાદી સુધારણા ૧૮ જુન સુધી ચાલનાર છે. આ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત જનસેવા કેન્દ્રમાં મતદાર સહાયતા કેન્દ્ર પણ શરુ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ઓનલાઈન રજીસ્ટ્રેશન પણ કરાવી શકાય છે. હેલ્પ લાઈન પણ કાર્યરત કરી દેવામાં આવી છે.

શ્રી સ્વરૂપે જણાવ્યું હતું કે ૧૦મી જુન બાદ ૧૭ જુને પણ આવી જ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. જિલ્લાના ૧૧૫૦ જેટલા મતદાન

● અનુસંધાન પાન-૭ પર

## ૮૦ વર્ષથી વધુ વય ધરાવતા મતદારો ૯૦૩૨ નોંધાયા છે

### સૌથી વધુ માણસામાં અને સૌથી ઓછા દહેગામમાં

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર જિલ્લામાં ૮૦ કે તેથી વધુ વય ધરાવતા ૯૦૩૨ મતદારો છે. જેમાં સૌથી વધુ મતદારો માણસા વિધાનસભા મતવિસ્તારમાં છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૮૦ કે તેથી વધુ વય ધરાવતા જે મતદારો નોંધાયા છે તેમાં માણસા વિધાનસભા મતવિસ્તારમાં ૨૩૩૬, કલોલમાં ૧૬૩૩, ગાંધીનગર (દ)માં ૧૭૬૯, ગાંધીનગર (ઉ)માં ૧૭૨૨ અને દહેગામમાં ૧૫૭૨ મતદારોનો સમાવેશ થાય છે.

મતદાર યાદી સુધારણા ઝુંબેશ દરમિયાન આ સન્માનીય મતદારોનો બી.એસ.ઓ. દ્વારા સીધો સંપર્ક કરવામાં આવનાર છે.

## સચિવાલય ખાતે મતદાર સહાયતા કેન્દ્ર

ગાંધીનગર, તા.૮

વિધાનસભાની આવી રહેલી સામાન્ય ચૂંટણીઓ અંગે મતદાર યાદીને આખરી ઓપ આપવાની ચાલી રહેલી કામગીરીને ધ્યાને રાખી સચિવાલય સંકુલમાં બ્લોક નં. ૭ના ભોંયતળિયે પણ ખાસ મતદાર સહાયતા કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે.

રાજયના ૨૨૫ તાલુકાઓમાં આવા મતદાર સહાયતા કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે. સચિવાલય સંકુલમાં કર્મચારીઓની સુવિધા માટે ખાસ કિસ્સામાં આ કેન્દ્ર શરુ કરવામાં આવ્યું છે. આ મતદાર સહાયતા કેન્દ્રમાં જીસ્વાનની કનેકટીવીટી પણ આપવામાં આવી છે જેને કારણે તમામ વિધાનસભા મતવિસ્તારની મતદાર યાદી જોઈ શકાશે.


**ધી ગાંધીનગર અર્બન કો-ઓપરેટીવ બેંક લિ.**

સેકટર-૨૧, ગાંધીનગર - ૩૮૨૦૨૧

**વાર્ષિક સાધારણ સભાની નોટીસ**

બેંકના તમામ સભાસદોને જણાવવાનું કે, આ બેંકની વર્ષ ૨૦૧૧-૧૨ માટેની તેરમી વાર્ષિક સાધારણ સભા તા. ૧૦-૬-૨૦૧૨ને રવિવારે સવારે ૯-૦૦ કલાકે સ્ટાફ ટ્રેનીંગ કૉલેજ, ઓડિટોરીયમ હૉલ, ચ-૫ પાસે, સેક્ટર-૧૭, ગાંધીનગર ખાતે મળશે. તો દરેક સભાસદોએ મીટીંગમાં હાજરી આપવા વિનંતી છે.

ચંદુભાઈ એચ. પટેલ
મેનેજીંગ ડિરેક્ટર



**ત્રિમાસિક શ્રદ્ધાંજલિ**



**શ્રદ્ધેય શ્રી બાબુભાઈ વીરજીભાઈ દેસાઈ**

ઉપપ્રમુખ : ગ્રામ નવનિર્માણ સંઘ, ગાંધીનગર

તા. ૮-૩-૧૨ને શુક્રવારે જયશ્રી સ્વામીનારાયણ શરણા પામ્યા છે.

કર્મ એવા કર્યા કે સૌના હૃદયમાં ગૂંજ્યા કરે.
જીવનને કરમઠ બનાવી સમાજ માટે ધૂપસળિ જેમ મહેક્યાં
સુખ-દુઃખમાં સમત્વભાવથી ફૂલની જેમ ફોર્યા કર્યા.
વિકટ સમયમાં દિપક બની પ્રકાશ કિરણ પ્રસારતા રહ્યા.
તેથી સંઘને બળવત બનાવવાની એમની કર્તવ્ય પરાયણતા અમૂલ્ય બની રહે છે.
ભગવાન આપના પરમ દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે એ જ પ્રભુ પ્રાર્થના...
ૐ શાંતિ, શાંતિ, શાંતિ....

બટુકભાઈ માલાણી (પ્રમુખ)
ભીખુભાઈ સુરાણી (મંત્રી)
સંઘના સભ્યશ્રીઓ (ટ્રસ્ટી)
સંઘના કાર્યકર્તાઓ અને કારીગર વર્ગ
**ગ્રામ નવ નિર્માણ સંઘ**
પ્લોટ - ૯૦૦, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર.


## સી.એન.જી. પરનો વેટ દૂર કરવાની માંગણી સાથે રીક્ષા ચાલકોની રેલી

ગાંધીનગર, તા.૮



(તસવીર : દિપક જાની)

સી.એન.જી. પરનો ૧૫ ટકા વેટ દૂર કરવાની માંગણી સાથે આજે રીક્ષા ચાલકોની એક રેલી અમદાવાદથી ગાંધીનગર સુધી નીકળી હતી અને સરકારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

સી.એન.જી. ગેસમાં થયેલા ભાવ વધારાને કારણે રીક્ષા ચાલકો પર આર્થિક ભારણ પડવા પામ્યું છે અને તેમના વ્યવસાય પર પણ માઠી અસર પડવા પામી છે. સી.એન.જી. પરનો વેટ દૂર કરવા તેમજ અન્ય પડતર પ્રશ્નોનો ઉકેલ નહીં આવતા રીક્ષા ચાલક એસોસીએશન દ્વારા અમદાવાદથી ગાંધીનગર સુધી એક રેલી કાઢવાનો કાર્યક્રમ આપ્યો હતો.

આ કાર્યક્રમના ભાગરૂપે આજે અમદાવાદથી રીક્ષા ચાલકોની એક રેલી નીકળી હતી જે ગાંધીનગર પહોંચી હતી. રીક્ષા ચાલક એસો.એ રાજ્ય સરકારને એક આવેદનપત્ર આપીને સી.એન.જી. પરનો ૧૫ ટકા વેટ દૂર કરવાની માંગણી કરવામાં આવી છે. આ ઉપરાંત કલ્યાણકારી બોર્ડની રચના કરવાની પણ માંગણી કરવામાં આવી છે.


**IITE**
**INDIAN INSTITUTE OF TEACHER EDUCATION GANDHINAGAR**

**એ.સી. (A.C.) ખરીદવાની નિવિદા**

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન માટે ૧ ટન, ૧.૫ ટન તથા ૨ ટનના ૩ સ્ટાર તથા ૫ સ્ટાર એલ.જી. (L.G) કંપનીના એરકન્ડીશન મશીન ખરીદવાના થાય છે. વિક્રેતાઓએ ફીટીંગ ચાર્જ સહિતના ભાવો જાહેરાત પ્રસિદ્ધ થયાના દિવસ-૭માં આઈઆઈટીઈ શિક્ષણ સંકુલ, ગ-૪, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે મળે તે રીતે સીલબંધ કવરમાં પહોંચાડવાના રહેશે.

માહિતી/૫૧૧/૧૨-૧૩ — કુલસચિવ, આઈઆઈટીઈ



**ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ**

- નર્સરીથી ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહ, કોમર્સ પ્રવાહ (અંગ્રેજી/ગુજરાતી માધ્યમ)
- ધોરણ ૧૧/૧૨ માટે એ.સી. કલાસરૂમ
- કેમ્બ્રીજ યુનિવર્સિટી સાથે સંલગ્ન
- હોસ્ટેલની ઉત્તમ સુવિધા - ગર્લ્સ/બોયસ

**H.O.Ds. of Science Section (11th 12th)**



| Mathematics | Chemistry | Physics | Biology | English |
|---|---|---|---|---|
| V.M. Patel (B.Ed. B.Sc. Maths, Physics) | Chirayu Shah (M.Sc. B.Ed.) | Yogendra Chaturvedi (M.Sc., B.Ed.) | Raksha Bhatt (M.Sc., B.Ed.) | Ms. Tejal Raval (M.A., B.Ed) |

**Commerce Section Faculty (11th - 12th)**



| Accountancy | Statistics | Economics | B.A | English | Gujarati |
|---|---|---|---|---|---|
| Kreenha Christian M.Com., M. Ed. | Nikunj Darji M. Com., B.Ed | Heena Dutta M.Com., B.Ed | Snehal Raval M.Com., B.Ed | Afreen Shaikh M.A., B.Ed | Rajesh Sonara M.A., M.Ed |

**Salient Features**

- Limited number of students.
- Best teachers for Science (English/Gujarati medium)
- Personal Attention by the teachers.
- Full-time faculties
- Constant communication with parents.
- Fully equipped Laboratories.
- Systematic Evaluation & Feedback with follow-up work.

Gandhinagar-Mansa highway, Randheja, Gandhinagar
Phone No : 079 23976821-22-23 Mo : 9925017160
www.gipschool.com; e-mail - gips.school@yahoo.com


## ધો-૧૧ સાયન્સના બીજા સેમેસ્ટરનું પરિણામ સોમવારે

ગાંધીનગર, તા.૮

ધો-૧૧ સાયન્સના બીજા સેમેસ્ટરની એપ્રિલ મહિનામાં યોજાયેલી પરિક્ષાનું પરિણામ ૧૧મી જુને વેબસાઈટ પર જાહેર કરાશે. રાજયભરમાંથી ધો-૧૧ સાયન્સના અંદાજિત ૧.૧૪ લાખ જેટલા વિદ્યાર્થીઓએ બીજા સેમેસ્ટરની પરિક્ષા આપી હતી. આ તમામ વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ પર સવારે આઠ વાગે પરિણામ જોઈ શકશે.

## સુભાષ ત્રિવેદી વડોદરા ડી.સી.પી. તરીકે નિમાયા

ગાંધીનગર, તા. ૮

જામનગરના ડી.એસ.પી. સુભાષ ત્રિવેદીની નાયબ પોલીસ કમિશનર તરીકે વડોદરા બદલી કરાઈ છે જ્યારે હરિકૃષ્ન પટેલની નિમણૂંક જામનગર ડી.એસ.પી.તરીકે કરાઈ છે.


**પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



સ્વ. દેવ્યાની રાજેન્દ્રકુમાર ત્રિવેદી
સ્વર્ગવાસ તા. ૯-૬-૨૦૧૧

હે પ્રભુ ! અમારે જેની જરૂર હતી
તેની તમારે શી જરૂર પડી ?
તમારા ખજાનામાં
ક્યાં ખોટ હતી,
અમારા ખજાનામાં લૂંટ કરી ?
રડી રહી છે આંખો અમારી,
જોઈ તસવીર તારી
જ્યાં કુદરત રૂઠી ત્યાં કોને
ફરિયાદ કરવી.
તારા દિવ્ય આત્માને ચિરઃશાંતિ
અર્પે એ જ પ્રાર્થના

લિ.
માનસી ત્રિવેદી (પુત્રી)
નિસર્ગ ત્રિવેદી (પુત્ર)



**વિધાનસભાની સામાન્ય ચૂંટણી - ૨૦૧૨**
**મતદારયાદીની સુધારણા**

**મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૨ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક...**

**આપે આપનું નામ મતદારયાદીમાં ચકાસી લીધું છે ?**

જો ના, તો મતદારયાદીનો મુસદ્દો તા. ૧-૬-૧૨ના રોજ પ્રસિદ્ધ થઈ ગયેલ છે જે તા. ૧૮-૬-૨૦૧૨ સુધી નીચે જણાવેલ સ્થળોએ રાખેલ છે, જ્યાં આપ આપના નામની સામે આપના ફોટાની પણ રૂબરૂ ચકાસણી કરી શકશો.

- કલેક્ટર કચેરી
- મ્યુનિસિપલ કોર્પોરેશનની વોર્ડ કચેરી
- મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી
- ગ્રામ પંચાયતની કચેરી
- મામલતદાર કચેરી
- મ્યુનિસિપાલિટી

**જાગૃત નાગરીક તરીકે આપનો સહયોગ, લોકશાહી તંત્રની પાયાની જરૂરીયાત**

- મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ્ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?
- તા. ૧-૧-૨૦૧૨ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પૂરાવા સહિત)માં અરજી કરવી.
- નમૂના-૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર પોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ્ કરાવવા માટે નમૂના-૭માં અરજી કરવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના-૮માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮ (ક)માં અરજી કરવી.

ઉપર્યુક્ત નમૂના કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો.

તા. ૧૦-૬-૨૦૧૨ અને ૧૭-૬-૨૦૧૨ના રોજ ખાસ ઝૂંબેશના દિવસોએ સવારે ૯-૦૦ થી સાંજે ૬-૦૦ કલાક દરમિયાન આપના વિસ્તારના મતદાન મથકોએ પણ આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ www.ceogujarat.nic.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો.

**યાદ રાખો**

એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.

**અરજી કરવાની છેલ્લી તારીખ : ૧૮-૬-૨૦૧૨**

વધુ માહિતી આપના જિલ્લા કલેક્ટર કચેરી ખાતેથી હેલ્પલાઈન ઉપર સવારના ૧૦-૩૦ થી સાંજે ૬-૦૦ દરમિયાન ફોન કરીને મેળવી શકશો. આ હેલ્પલાઈન તા. ૧૮-૬-૨૦૧૨ સુધી કાર્યરત છે.

**જેના નંબર નીચે મુજબ છે.**

| જિલ્લાનું નામ | ફોન નંબર | જિલ્લાનું નામ | ફોન નંબર | જિલ્લાનું નામ | ફોન નંબર |
|---|---|---|---|---|---|
| કચ્છ | ૦૨૮૩૨-૨૫૭૬૦૩ | જામનગર | ૦૨૮૮-૨૫૪૦૨૭૨ | વડોદરા | ૦૨૬૫-૨૪૨૦૦૦૦ |
| બનાસકાંઠા | ૦૨૭૪૨-૨૫૧૭૦૭ | પોરબંદર | ૦૨૮૬-૨૨૨૦૩૮૯ | નર્મદા | ૦૨૬૪૦-૨૨૦૬૩૪ |
| પાટણ | ૦૨૭૬૬-૨૩૩૨૦૧ | જૂનાગઢ | ૦૨૮૫-૨૬૨૦૨૬૩ | ભરૂચ | ૦૨૬૪૨-૨૬૦૨૪૧ |
| મહેસાણા | ૦૨૭૬૨-૨૨૦૪૨૩ | અમરેલી | ૦૨૭૯૨-૨૩૪૦૦૧ | સુરત | ૦૨૬૧-૨૪૬૪૬૧૦ |
| સાબરકાંઠા | ૦૨૭૭૨-૨૪૩૭૦૦ | ભાવનગર | ૦૨૭૮-૨૫૨૧૧૦૩ | ડાંગ | ૦૨૬૩૧-૨૨૦૨૭૨ |
| ગાંધીનગર | ૦૭૯-૨૩૨૫૧૨૪૩ | આણંદ | ૦૨૬૯૨-૨૬૮૧૩૭ | નવસારી | ૦૨૬૩૭-૨૮૦૫૨૦ |
| અમદાવાદ | ૦૭૯-૨૭૫૫૯૦૦૦ | ખેડા | ૦૨૬૮-૨૫૬૭૩૪૧ | વલસાડ | ૦૨૬૩૨-૨૪૪૩૭૬ |
| સુરેન્દ્રનગર | ૦૨૭૫૨-૨૮૩૮૯૧ | પંચમહાલ | ૦૨૬૭૨-૨૪૧૨૮૮ | તાપી | ૦૨૬૨૬-૨૨૦૦૧૩ |
| રાજકોટ | ૦૨૮૧-૨૪૫૦૬૭૧ | દાહોદ | ૦૨૬૭૩-૨૩૯૨૩૧ | | |

આપની પાસે મતદાર ફોટો ઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહીં હોય તો આપ મતદાન કરી શકશો વહીં. આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાસી લો કે જેથી વિધાનસભાની આગામી ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.

માહિતી/૫૨૮/૨૦૧૨-૧૩ — મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com